ફોજદારી ઈન્કવાયરી નંબર:- ૨/૨૦૨૪

આંક:-૧૨ નીચે હુકમ:-

(૧) આ કામે ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ:- ૧૨, ૧૩(૧), (બી) તથા ૧૩(૨) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સુધારા ( ૨૦૧૮) ના કાયદાની કલમ-૧૨,૧૩(બી) તથા ઈ. પી. કો. ની કલમ:- ૧૦૯, ૪૦૬, ૩૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૬૮ ૪૭૧, ૧૨૦ વિગેરે મુજબના ગુના સબબ હાલની ફરીયાદ આપવામાં આવેલ છે. જે અનુસંધાને હાલની અરજી આપી, આરોપીઓ ધ્વારા અપ્રમાણસર મિલ્કતની તપાસ બાબતે હાલની કાર્યવાહી ચાલતી હોય, તેમજ આ ગુનાની ગંભીરતા જોતા આરોપી પોતાની મિલ્કતો વેચાણ કરી દે તેમજ પુરાવાવઓનો નાશ કરી દે તેમ હોય, તમામ મિલ્કતો જપ્ત કરવા માટે આપવામાં આવેલ છે.

(૨) જે અનુસંધાને ફરીયાદીને સાંભળ્યા, આ કામે ફરીયાદી ધ્વારા અરજીની હકીકતોનું પુન:ઉચ્ચારણ કરી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલની ફરીયાદ આરોપી ધ્વારા પોતે સરકારી કર્મચારી તરીકે ભ્રષ્ટાચાર આચરી અને મેળવેલ મિલ્કતો છે અને તે મિલ્કતોમાં પોતાનું તથા પોતાના વારસોનું નામ દાખલ કરાવી દીધેલ છે. જે મિલ્કતોની વિગતો આ કામેની અસલ ફરીયાદમાં રજુ કરવામાં આવેલ છે. તેમજ હાલની કાર્યવાહી ચાલી રહેલ છે અને તેમાં ના. કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૨ અન્વયે હુકમ કરેલ છે. જે તપાસ સોપવામાં આવેલ હોવા છતાં એક યા બીજા બહાને ત. ક. અમલદાર ધ્વારા આ બાબતે કોઈ તપાસ કરવામાં આવતી નથી અને ટેકનીકલ કારણો જણાવી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ વધવા દેતા નથી અને પરવાનગી અમારે લેવાની હોય તેમ જણાવી તદ્દન ખોટો રીપોર્ટ ના. કોર્ટમાં રજુ કરેલ હોય, હાલની અરજી મંજુર કરી, આરોપીઓની આક્ષેપીત મિલ્કતો ટાંચમાં લેવા હુકમ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૩) સાંભળ્યા, ફરીયાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ ફરીયાદની હકીકતો ધ્યાને લીધી. તથા ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ હાલની અરજી તથા તે અનુસંધાને કરવામાં આવેલ હુકમો તથા તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ આંક-૧૧ વાળો રીપોર્ટ ધ્યાને લીધો.આ કામે ના. કોર્ટ ધ્વારા ફરીયાદીની ફરીયાદ અનુસંધાને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૨ અન્વયેનો હુકમ કરવામાં આવેલ. જે અનુસંધાને હાલની ફરીયાદ મદદનીશ નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગાંધીનગર એકમ, ગાંધીનગરનાઓને સોપવામાં આવેલ અને તેઓ ધ્વારા આ રીપોર્ટ રજુ કરવામાં આવેલ

અને તેમાં આ કામના ફરીયાદી દ્વારા કલમઃ- ૧૯(૧)સી(૨) મુજબની પરવાનગી માંગ્યા વગરની હાલની ફરીયાદ કરવામાં આવેલ હોય, તે સિવાય તેઓ આ ગુનાની તપાસ કરી શકે તેમ ન હોવાનો રીપોર્ટ આપવામાં આવેલ છે. ત્યારે એ બાબત સ્પષ્ટ છે કે, આ પ્રકારની કાર્યવાહીમાં ચોકકસ સમય લાગે તેમ છે. તેમજ આ કામે આરોપી પોતાની મિલ્કત પણ વેચાણ કરી દે તેમ છે. પરંતુ આ પ્રકારની અત્રેની અદાલતને મળતી સત્તા બાબતેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ ની કલમઃ- ૧૮(એ) ધ્યાને લેવામાં આવે તો તેમાં Criminal Law Amendment Ordinance,1944 ની જોગવાઈ લાગુ પડતી હોવા બાબતેની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે સદર કાયદાની કલમઃ- 3, તથા ૪ ની જોગવાઈ મુજબ આ કામના ફરીયાદી દ્વારા ટાંચમાં લેવાપાત્ર મિલ્કતોના વર્ણન તથા શા માટે ટાંચમાં લેવી તે બાબતેની હકીકતો સોગંદનામાથી રજુ કરવી આદેશાત્મક હોવાનું જણાઈ આવતું હોય, ત્યારે આ કામના ફરીયાદીએ પોતાની તમામ આક્ષેપો તથા ટાંચમાં લેવાપાત્ર મિલ્કતોનું વર્ણન બાબતે સોગંદનામા પર જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે. ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામા તથા મિલ્કતનું વર્ણન તથા દસ્તાવેજો રજુ કર્યેથી આ હુકમની એક નકલ સાથે આક્ષેપીતોને આ મિલ્કત શા માટે જપ્ત ન કરવી તે બાબતે કારણદર્શક નોટીસ કરવી.

તા. ૨૫/૦૮/૨૦૨૫

(સુનિલ મનહરભાઈ કામદાર)
બીજા એડી. સેસન્સ જજ,
અરવલ્લી @ મોડાસા.
GJ 00984